ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬

માઈ મંદિર પાસે નર્કાગાર | નડિયાદ મહાનગરપાલિકાની ઘોર બેદરકારીથી કરોડોની ગ્રાન્ટ વપરાયા વગર સરકારમાં પરત !

નડિયાદની ૪૦ વર્ષ જૂની ગટર સમસ્યાથી પ્રજા ત્રસ્ત

ચોમાસા વિના પણ ગરનાળું તળાવમાં ફેરવાતાં વાહનો ચાલકોમાં અકસ્માતનો ભય

આસપાસના વિસ્તારમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાની દહેશત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

નડિયાદ શહેરના અત્યંત વ્યસ્ત અને પવિત્ર એવા માઈ મંદિર વિસ્તારમાં છેલ્લા ચાર દાયકાથી ડ્રેનેજની ગંભીર સમસ્યા વણઉકેલાયેલી રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. મહાનગરપાલિકાના અધિકારીઓની અણઆવડત અને આયોજનના અભાવે ડ્રેનેજ સિસ્ટમ અપગ્રેડ કરવા માટે રાજ્ય સરકાર તરફથી મળતી કરોડો રૂપિયાની માતબર ગ્રાન્ટ પણ વપરાયા વગર જ સરકારમાં પરત ચાલી જાય છે. વિપક્ષની ઉગ્ર રજૂઆત બાદ કમિશનરે તાત્કાલિક અધિકારીઓની બેઠક બોલાવી તપાસના આદેશ આપ્યા છે, પરંતુ દાયકાઓથી પીડાતી પ્રજામાં પાલિકા તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે રોષ વ્યાપેલો છે.

નડિયાદના માઈ મંદિર વિસ્તારમાં ચોમાસાની ઋતુ ન હોય તો પણ રસ્તા પર સતત ગટરના દુર્ગંધયુક્ત પાણી વહેતા રહે છે, જેના કારણે સ્થાનિક ગરનાળું તળાવમાં ફેરવાઈ ગયું છે.

મનપાના સફાઈ કર્મચારીઓ માત્ર ઉપરછલ્લી સફાઈ કરીને કામગીરી પૂરી કરી લે છે, પરંતુ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે કોઈ નક્કર આયોજન કરાતું નથી. ગંદા પાણીના ભરાવાને કારણે આસપાસના વિસ્તારમાં ગંભીર રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે અને માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો સ્લિપ થઈને અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

આ અંગે સ્થાનિકોની લાંબા સમયની રજૂઆતો છતાં તંત્ર ઘોર નિંદ્રામાં રહેતાં, કોંગ્રેસના શહેર પ્રમુખે મહાનગરપાલિકાના કમિશનર સમક્ષ રૂબરૂ પહોંચીને ઉગ્ર રજૂઆત કરી હતી. આ રજૂઆતના પગલે સફાળા જાગેલા કમિશનરે તાત્કાલિક સંબંધિત ડ્રેનેજ વિભાગના અધિકારીઓની બેઠક બોલાવી હતી. આમ, વારંવાર ડ્રેનેજ લાઈન કેમ ચોકઅપ થઈ જાય છે તેની કડક પૂછપરછ કરી કમિશનરે અધિકારીઓને તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરવા આદેશ આપ્યા હતા.

ડ્રેનેજ સિસ્ટમ અપગ્રેડ કરવા માટે રાજ્ય સરકારની ગ્રાન્ટ મનપા વાપરી ન શકી

નડિયાદ મહાનગરપાલિકાને કરોડો રૂપિયાની માતબર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ અધિકારીઓની અણઆવડત અને યોગ્ય પ્લાનિંગના અભાવે આ ગ્રાન્ટનો વપરાશ જ થઈ શકતો નથી અને કરોડો રૂપિયા સરકારમાં પરત જતાં રહે છે. મનપા તંત્રની આ ઘોર નિષ્ક્રિયતાને કારણે પ્રજાની સુવિધા માટે આવેલા નાણાં એળે જઈ રહ્યા છે.

મનપાના ડ્રેનેજ અધિકારીનો લૂલો બચાવ: 'ગટર તો આજે જ ઉભરાઈ છે !'

નડિયાદ મહાનગરપાલિકાના કમિશનરના કડક વલણ બાદ ડ્રેનેજ વિભાગના અધિકારી ચંદ્રેશ ગાંધીએ પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે, "ગટર આજે જ ઉભરાઈ છે અને જાણ થતાં જ તાત્કાલિક કામગીરી શરૂ કરાઈ છે. મુખ્ય લાઈન ચોકઅપ થવાના કારણે પાણી બહાર આવ્યા હતા, જેને સાફ કરવાની પ્રક્રિયા ચાલુ છે. જોકે, સ્થાનિકો આ લૂલા બચાવ સામે ભારે અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે અને સવાલ ઉઠાવી રહ્યા છે કે ૪૦ વર્ષ જૂની સમસ્યાનો ખરેખર કાયમી નિકાલ આવશે કે અગાઉની જેમ માત્ર કાગળ પર જ આશ્વાસન અપાશે ?

સામરખામાં એમ્બ્યુલન્સની અડફેટે આધેડનું કરુણ મોત

દલાપુરા બસ સ્ટેન્ડ નજીક રોડ ક્રોસ કરતી વખતે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

આણંદના સામરખા ગામના દલાપુરા બસ સ્ટેન્ડ પાસે મંગળવારની સાંજે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરપાટ ઝડપે જતી એમ્બ્યુલન્સની હડફેટે 42 વર્ષીય રાહદારીનું કરુણ મોત નિપજ્યું હતું.

ભાલેજ તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે ધસી આવેલી સફેદ કલરની એમ્બ્યુલન્સના ચાલકે રસ્તો ક્રોસ કરી રહેલા ૪૨ વર્ષીય ગણપતભાઈ કાન્તિભાઈ પરમારને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવ બાદ એમ્બ્યુલન્સ ચાલક વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

સામરખાના દલાપુરા દૂધ મંડળીમાં દૂધ ટેસ્ટર તરીકે ફરજ બજાવતા વિક્રમભાઈ પરમારે આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી વિગતો અનુસાર, સાંજના આશરે સવા સાતેક વાગ્યે બનાવની જાણ થતાં પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સના તબીબે તપાસીને ગણપતભાઈને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત સ્થળ પાસે આવેલી વિહત પાન સેન્ટરની દુકાનના સીસીટીવી કેમેરામાં પૂરઝડપે આવતી સફેદ એમ્બ્યુલન્સ અડફેટે લેતી સ્પષ્ટ કેદ થઈ હતી. આ બનાવ અંગે આણંદ રૂરલ પોલીસે અજાણ્યા એમ્બ્યુલન્સ ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નડિયાદ શહેરના સંતરામ રોડ પર દબાણ દૂર કરવા તંત્ર સક્રિય

નડિયાદ શહેરની જૂની સબ જેલની જગ્યામાં 'દિવાળી બજાર' ઊભું કરાશે

ટ્રાફિક ઘટાડવા લારી- પાથરણાંવાળાઓને એક જ સ્થળે ખસેડવાની કવાયત

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૨૧

નડિયાદના મુખ્ય હાર્દ સમાન સંતરામ રોડ પર દિવાળીના તહેવારો દરમિયાન સર્જાતી દબાણ અને ટ્રાફિક જામની વિકટ સમસ્યા ઉકેલવા વહીવટી તંત્ર દ્વારા નવી પહેલ કરવામાં આવી છે. શહેરીજનોને એક જ સ્થળેથી તહેવારની તમામ સામગ્રી મળી રહે અને માર્ગો ખુલ્લા રહે તે હેતુથી રેલવે સ્ટેશન સામે આવેલી જૂની સબ જેલની ખુલ્લી જગ્યામાં ફેરીયાઓ અને લારી-પાથરણાંવાળાઓ માટે ખાસ આયોજન હાથ ધરાયું છે.

નડિયાદ શહેરના સંતરામ રોડ પર તહેવારોની મોસમમાં નાના વેપારીઓ રસ્તા પર જ તંબુ તાણીને ફટાકડા અને દિવાળીની વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરતા હોવાથી ભારે દબાણો સર્જાય છે, જેના કારણે વાહનચાલકો તથા રાહદારીઓને પારાવાર હાલાકી ભોગવવી પડે છે. આ ટ્રાફિકનું ભારણ ઘટાડવાના ભાગરૂપે તંત્ર દ્વારા સંતરામ રોડના લારી-પાથરણાંના સંચાલકોને બસ સ્ટેન્ડ નજીક જૂની સબ જેલ તોડીને ખુલ્લી કરાયેલી વિશાળ જગ્યામાં ખસેડવાની અને જગ્યા ફાળવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી નાગરિકો શાંતિથી તહેવારની ખરીદી કરી શકશે તેવી ગણતરી રખાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉના વર્ષોમાં પણ વહીવટી તંત્ર દ્વારા આ જ પ્રકારે વેપારીઓને એક જ સ્થળે એકઠા કરીને વ્યવસ્થા ગોઠવવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ તે સમયે લારી-પાથરણાંના સંચાલકોએ સંતરામ રોડ પર જ વેચાણ કરવા મક્કમ રહી પ્રશાસનને સહકાર આપ્યો નહોતો, જેથી તંત્રનો આ પ્લાન સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યો હતો. હવે ફરી એકવાર તંત્ર દ્વારા આ દબાણો દૂર કરી વેપારીઓને નવી જગ્યાએ ખસેડવાનો નવો પ્રયાસ શરૂ કરાયો છે, જેને કેટલા અંશે સફળતા મળે છે તે આવનારો સમય જ બતાવશે.

બોરસદમાં કાર અથડાયાં બાદ સળગી, ચાલકનું મોત

દાવોલ બ્રિજ પર રાત્રે ટ્રક પાછળ ધડાકાભેર કાર ઘુસી

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૧

બોરસદ નજીક આવેલા વાસદ-તારાપુર હાઈવે પર દાવોલ બ્રિજ ઉપર મંગળવારે મોડી રાત્રે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે દોડતી એક કાર આગળ જતી કેબલ ડ્રમ ભરેલી ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ પ્રચંડ ટક્કરને કારણે કારના એન્જિનમાં ભયાનક આગ ભભૂકી ઊઠતાં જોતજોતામાં કાર અને ટ્રક બંને આગની લપેટમાં આવી ગયાં હતાં. આ દુર્ઘટનામાં કાર ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, દેવભૂમિ દ્વારકાના ભીમરાણા ગામના નીતીરાજસિંહ ભીખુભા વાઢેર પોતાની અશોક લેલન ટ્રકમાં કેબલ ડ્રમ ભરી મહારાષ્ટ્રથી જામનગર તરફ જઈ રહ્યા હતા. રાત્રિના આશરે સાડા દસથી પોણા અગિયાર વાગ્યાના અરસામાં દાવોલ બ્રિજ પરથી પસાર થતી વખતે પાછળથી જોરદાર ધડાકો સંભળાયો હતો. ટ્રક સાઈડમાં ઊભી રાખી તપાસ કરતા કાર (GJ 38 BJ 5762) ટ્રકના પાછળના ટાયર સુધી ઘૂસી ગયેલી જોવા મળી હતી અને ચાલક સ્ટીયરિંગ પર ગંભીર ઈજાઓ સાથે મૃત હાલતમાં પડ્યો હતો.

જોતજોતામાં કારના બોનેટમાંથી નીકળેલા ધુમાડા સાથે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં ગ્રાન્ડ વિટારા કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી અને ટ્રકના માલસામાનને પણ મોટું નુકસાન પહોંચ્યું હતું. આ બનાવ અંગે બોરસદ ટાઉન પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આણંદ અને ખેડા આરટીઓના ૯ અધિકારીની ટ્રાન્સફર કરાઈ

આણંદમાંથી ૬ અને નડિયાદમાંથી ૩ની બદલી સામે બંને જગ્યાએ ૧૦ નવા નિરીક્ષકો મુકાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા રાજ્યભરમાં મોટર વાહન નિરીક્ષકો (વર્ગ-૨) ની મોટા પાયે સાગમટે બદલીઓનો આદેશ જારી કરવામાં આવ્યો છે. આ વહીવટી પ્રક્રિયા અંતર્ગત મધ્ય ગુજરાતના નડિયાદ અને આણંદ ખાતે ફરજ બજાવતા કુલ ૯ અધિકારીઓની અન્ય જિલ્લાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી છે, જ્યારે અન્ય જિલ્લાઓમાંથી ૧૦ નવા નિરીક્ષકોની નિમણૂક કરીને તેમને સત્વરે નવી જગ્યાએ હાજર થવા આદેશ કરાયા છે.

નડિયાદ આરટીઓ કચેરીમાંથી ૩ અધિકારીઓની અન્યત્ર બદલી થઈ છે. જેમાં જ્ઞાનદીપસિંહ મહેન્દ્રસિંહ ઝાલા ને ભુજ, નીરવ બાબુલાલ પ્રજાપતિ ને થરાદ અને ચૌધરી મનીષકુમાર ગણપતભાઈ ને વ્યારા ખાતે મુકવામાં આવ્યા છે. તેમની સામે નડિયાદમાં ૫ નવા નિરીક્ષકો કૃણાલ મહેન્દ્રભાઈ આયર (દાહોદથી), વિશાલ અશોકભાઈ રાણા (મહેસાણાથી), ખુશવંત મોહનભાઈ પટેલ (અમદાવાદથી), ચૌધરી ડાહ્યાભાઈ આંબાભાઈ (અમદાવાદ પૂર્વથી), પટેલ જીગર મહેન્દ્રભાઈ (બાવળાથી) ની નિયુક્તિ આપવામાં આવી છે.

આણંદ કચેરીમાંથી ૬ અધિકારીઓને અન્ય સ્થળે ખસેડાયા છે. જેમાં ચિરાગ યશવંતરાય ચૌહાણ (મહીસાગર), સાવન અમૃતભાઈ પટેલ (નવસારી), પરમાર કેતનકુમાર દિનેશભાઈ (ભુજ), પ્રજાપતિ મનોજ કિશોરભાઈ (ગાંધીનગર), નાડીયા સંદિપકુમાર નાગરદાર (ગોધરા) અને હાડા કર્મવિરસિંહ વિજયસિંહ (વાહન વ્યવહાર કમિશનરની કચેરી) નો સમાવેશ થાય છે.

આ જગ્યાઓ પર આણંદ ખાતે ૫ નવા અધિકારી વિપુલકુમાર મોઘજીભાઈ ચૌધરી (વડોદરાથી), વિશાલ વિક્રમભાઈ વાટલીયા (ભરૂચથી), વિનોદકુમાર ભીખાભાઈ પરીખ (અરવલ્લીથી), રાંક દિવ્યેશ પ્રવિણભાઈ (બાવળાથી), બારીયા ઈન્દ્રજીતસિંહ કાનસિંહ (હિંમતનગરથી)ઓને મૂકવામાં આવ્યા છે.

રિક્ષા પલટી જતાં નજીકમાં ઉભેલાં વૃદ્ધે જીવ ગુમાવ્યો

દરણું દળાવવા જવા બાઈક સાથે ઊભેલા પિતા-પુત્ર પર કાળ ત્રાટક્યો

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૧

અંબાલી ગામે નવી હાઈસ્કૂલ પાસે રહેતા ૨૮ વર્ષીય નરેન્દ્રભાઈ ઠાકોરભાઈ પરમાર મંગળવારે સાંજે પાંચેક વાગ્યે પોતાના ઘરેથી અનાજ દળાવવા જવા માટે બજાજ પ્લેટિના મોટરસાયકલ રોડ સાઈડ ઊભી રાખી પિતાની રાહ જોઈ રહ્યા હતા. આ દરમિયાન તેમના ૬૦ વર્ષીય પિતા ઠાકોરભાઈ છત્રસિંહ પરમાર દરણું લઈને બાઈક પાસે પહોંચ્યા હતા.

તે જ સમયે અંબાલી ચોકડી તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે ધસી આવેલી રિક્ષા (નંબરઃ GJ 23 AU 2869) ના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં રિક્ષા પલટી મારીને સીધી પિતા-પુત્ર પર પડી હતી. આ અકસ્માતમાં મોઢાના ભાગે ટક્કર વાગવાથી નરેન્દ્રભાઈના આગળના બે દાંત તૂટી ગયા હતા, જ્યારે પિતા ઠાકોરભાઈને છાતી અને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માત બાદ સ્થાનિકો અને ૧૦૮ ની મદદથી બંનેને આંકલાવ સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સાંજે આશરે પોણા સાત વાગ્યે ફરજ પરના તબીબે ઠાકોરભાઈને મૃત જાહેર કર્યા હતા. આ અંગે આંકલાવ પોલીસે ફરાર રિક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાની વેરા વસૂલાત ઝુંબેશ યથાવત

આણંદમાં બાકી વેરો ન ભરતાં વધુ ૧૧ મિલકત સીલ કરાઈ

આણંદ - વિદ્યાનગર રોડ અને સરદાર પટેલ રાજ માર્ગ પર રિકવરી ટીમ પહોંચી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

કરમસદ-આણંદ મનપા દ્વારા બાકી પ્રોપર્ટી ટેક્સની વસૂલાત માટે શરૂ કરવામાં આવેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત રિકવરી ટીમે બાકી વેરો ન ભરનારાઓ સામે કડક કાર્યવાહી ચાલુ રાખી છે. છેલ્લા આઠ દિવસથી સતત ચાલી રહેલી આ કામગીરી હેઠળ મનપાની ટીમે વધુ સખત પગલાં ભર્યા છે.

કરમસદ-આણંદ મનપાની રિકવરી ટીમે ૩,૧૩,૨૨૪નો બાકી વેરો ન ભરનારા મિલકતધારકો સામે કાયદેસરના પગલાં ભરીને આણંદ-વિદ્યાનગર રોડ અને સરદાર પટેલ રાજમાર્ગ પર આવેલી વધુ ૧૧ પ્રોપર્ટી સીલ કરી દીધી છે.

આ અંગે મનપાના રિકવરી વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, વારંવાર સૂચનાઓ અને નોટિસો આપવા છતાં જે મિલકતધારકો વેરો ભરપાઈ નથી કરી રહ્યા, તેમની સામે હવે સીધા સીલિંગના જ પગલાં લેવામાં આવી રહ્યા છે. કોઈપણ જાતની કાયદાકીય કાર્યવાહી કે સીલિંગનો સામનો ન કરવો પડે તે માટે તમામ બાકીદારોને કોઈપણ વિલંબ વગર વહેલી તકે તાત્કાલિક ધોરણે બાકી રકમ જમા કરાવી દેવા સૂચના આપવામાં આવી છે. આવનારા દિવસોમાં પણ મહાનગરપાલિકા દ્વારા આ વેરા વસૂલાત ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે. તહેવાર ટાણે મિલકતો સીલ થતાં બાકીદારોમાં ભાગદોડ મચી છે.

આણંદમાં પ્રથમવાર નારીશક્તિનું શૌર્યદર્શન, શસ્ત્રપૂજન - પથસંચલન થયું

રાષ્ટ્ર સેવિકા સમિતિના 90મા વર્ષમાં પ્રવેશ ટાણે બહેનોએ વાતાવરણ રાષ્ટ્રમય બનાવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે રાષ્ટ્ર સેવિકા સમિતિ, નડિયાદ વિભાગ દ્વારા આણંદ જિલ્લામાં પ્રથમ વખત બહેનો દ્વારા શસ્ત્રપૂજન તથા ભવ્ય પથસંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્ર સેવિકા સમિતિના 90મા વર્ષમાં પ્રવેશ ટાણે યોજાયેલા આ ઐતિહાસિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લઈ શિસ્ત, સંગઠન અને નારીશક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આણંદ ખાતે પ્રથમ વાર યોજાયેલા આ પથસંચલનની શરૂઆત ભગવા ધ્વજના પૂજનથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય આકર્ષણ એ હતો કે બહેનોએ હાથમાં આનાક, જાલ્લરી અને વંશી જેવા પરંપરાગત વાદ્યો ધારણ કરીને પૂર્ણ શિસ્ત સાથે માર્ચ કરી હતી. શાન રોડ મેદાનથી શરૂ થઈને શાસ્ત્રી મેદાન સુધીના માર્ગ પર ભારતમાતાના જયઘોષ અને રાષ્ટ્રભક્તિના નારા ગૂંજી ઊઠ્યા હતા. પથસંચલન દરમિયાન ઘોષગણ અને બાલિકા ગણની વિશેષ રચનાઓ જોઈને નગરજનોએ સ્થાનિક માર્ગો પર પુષ્પગુચ્છથી ધ્વજ અને સેવિકાઓનું ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. આ સફળ આયોજન આણંદ જિલ્લા કાર્યવાહિકા ડૉ. મિત્તલબેન બારોટ, સંપર્ક પ્રમુખ એડવોકેટ નીતાબેન પટેલ તથા શારીરિક પ્રમુખ રિયાબેન પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે RSS સાહિત્ય પરિષદના ડૉ. અનુ મહેતા તથા જાગૃત મહિલા સંગઠન સાથે સંકળાયેલાં એડવોકેટ આશાબેન દલાલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે બૌદ્ધિક વક્તા ડૉ. અનુ મહેતાએ સમિતિના સ્થાપિકા લક્ષ્મીબાઈ કેળકર (મૌસીજી)ના યોગદાનને બિરદાવી ભારતીય સંસ્કૃતિ અને પરિવારવ્યવસ્થામાં મહિલાઓની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. જ્યારે એડવોકેટ આશાબેન દલાલે વર્તમાન સમયમાં સેવિકાઓની સામાજિક જવાબદારીઓ તથા શતાબ્દી વર્ષ તરફની ભવિષ્યની યાત્રાનો સંકલ્પ રજૂ કર્યો હતો. સમગ્ર આયોજન દ્વારા સમાજમાં નારીશક્તિના સંગઠન અને રાષ્ટ્ર સમર્પણનો દ્રઢ સંદેશ આપવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225